# 1st Meeting of the India - Australia Joint Working Group on Cyber Security Cooperation

June 10, 2021

---

# સાઈબર સુરક્ષા સહકાર અંગે ભારત-ઓસ્ટ્રેલિયા જોઈન્ટ વર્કિંગ ગ્રૂપની પ્રથમ બેઠક

જૂન 10, 2021

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સાઈબર સુરક્ષા સહકાર અંગેના જોઈન્ટ વર્કિંગ ગ્રૂપ (જેડબલ્યુજી)ની પ્રથમ બેઠક 10 જૂન 2021ના રોજ વર્ચ્યુઅલી યોજાઈ હતી.

ભારતીય વિદેશ મંત્રાલયના ડિરેક્ટર (ઓસેનિયા) પૌલોમી ત્રિપાઠી અને ઓસ્ટ્રેલિયાના ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેન અફેર્સ એન્ડ ટ્રેડના વિશેષ સલાહકાર, સાઈબર અફેર્સ અને ક્રિટિકલ ટેક્નોલોજી, રાચેલ જેમ્સે નિષ્ણાતોના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું અને બંને દેશો વચ્ચે સાઈબર સિક્યોરિટી સહકાર અંગે ચર્ચા કરી હતી.

સાઈબર સુરક્ષા સહકાર અંગેનું જોઈન્ટ વર્કિંગ ગ્રૂપ એક એવું મિકેનિઝમ છે જેને ભારતીય ગણતંત્ર અને ઓસ્ટ્રેલિયાની સરકાર વચ્ચેના સાઈબર અને સાઈબર-એનેબલ્ડ ક્રિટિકલ ટેક્નોલોજી સહકાર અંગેના ફ્રેમવર્ક એરેન્જમેન્ટ હેઠળ સ્થાપવામાં આવ્યું છે, જેનો હેતુ ફ્રેમવર્ક હેઠળ 2020-25 પ્લાન ઓફ એક્શનને લાગુ કરવાનો છે. તે નીતિ નિર્ધારકો તથા આ ક્ષેત્રે કામ કરતા નિષ્ણાતોને સંગઠીત કરે છે જેથી દ્વિપક્ષીય સહકારને મજબૂત બનાવી શકાય.

જેડબલ્યુજીની પ્રથમ બેઠક દરમિયાન બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી સ્થિર પ્રગતિની નોંધ લીધી હતી. 4 જૂન 2020ના રોજ બંને વડાપ્રધાનો વચ્ચે લીડર્સ વર્ચ્યુઅલ સમિટ દરમિયાન કોમ્પ્રિહેન્સિવ  સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ (સીએસપી)ના સ્તરે સંબંધો વધારે ગાઢ બનાવાયા છે. તેમણે સાઈબર અને સાઈબર-એનેબલ્ડ ક્રિટિકલ ટેક્નોલોજી કોઓપરેશનના ફ્રેમવર્ક એરેન્જમેન્ટ હેઠળ ઓળખવામાં આવ્યા પ્રમાણે ડિજિટલ ઈકોનોમી, સાઈબર સિક્યોરિટી અને ક્રિટિકલ તથા ઈમર્જિંગ ટેક્નોલોજીના ક્ષેત્રમાં સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ભારત અને ઓસ્ટ્રેલિયાએ સાઈબર સુરક્ષાના જોખમના મૂલ્યાંકન તથા કાયદા અને રાષ્ટ્રીય સાઈબર વ્યૂહરચના અંગેની માહિતીની આપ-લે કરી હતી. મહત્વના માહિતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા 5G અને IoT ડિવાઈસની સુરક્ષા મહત્ત્વની છે તે બાબત પર ભાર મૂકતા ભારત અને ઓસ્ટ્રેલિયા ખાનગી સેક્ટર અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહકાર વધારવા માટે સહમત થયા હતા જેથી કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો કરી શકાય. બંને પક્ષ બહુસ્તરીય ક્ષેત્રમાં સહકાર વધારવા માટે સહમત થયા હતા.

બંને પક્ષ આગામી દ્વિપક્ષીય સાઈબર પોલિસી ડાયલોગ અને ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજિસ

(આઈસીટી) પર પ્રારંભિક જેડબલ્યુજી બેઠક વહેલાસર બોલાવવામાં આવે તેના પર નજર ધરાવે છે.

**નવી દિલ્હી**
**જૂન 10, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.